

Long-Term Care Home Update

*Community Newsletter*

Lakeridge Health

**સપ્ટેમ્બર 2021**

## પ્રગતિનો એક વ્યસ્ત મહિનો

પ્રવર્તમાનમાં Ajax Pickering Hospital સ્થિત નિર્માણકામ હેઠળ ચાલી રહેલું નવું લાંબાગાળાની સંભાળનું ઘર નવ મહિનાનાં નિર્ધારિત લક્ષ્યાંક પર પહોંચી ગયું છે તેમજ તેની પ્રગતિ ત્વરિત ગતિએ ચાલુ છે. બાંધકામની ટુકડી ઈમારતને ભવિષ્યનાં નિવાસીઓ, પરિવારો, તેમજ ટુકડીનાં સભ્યો માટે એક આરામદાયક સ્થાન અને એક સુરક્ષિત ઘરમાં રૂપાંતરિત કરવાનું કાર્ય ચાલુ રાખતી હોવાથી સપ્ટેમ્બર એક વ્યસ્ત મહિનો બની રહ્યો છે.

ઘરનું માળખું હવે પૂર્ણ થઈ ચૂક્યું છે, અને અમે અમારું ધ્યાન આંતરિક અને બાહ્ય પરિયોજનાઓ તેમજ પ્લાસ્ટરિંગ, ઈંટોનાં સાંધામાં સિમેન્ટ પૂરવી, રંગકામ, વાર્નિશિંગ, રંગ ધોવાનું અને ડિસ્ટેમ્પરિંગ કરવા તરફ કેન્દ્રિત કરવા માગીએ છીએ. દાખલા તરીકે, એલિવેટરની સ્થાપના આ મહિને શરૂ થઈ ગઈ, અને ટુકડીનું ઘરનાં છાપરાંને સ્થાપવાનું કામ તેમજ માર્ગના માળખાંની બહારનાં ભાગે પગથીને સડકની બાજુથી જડેલી ઊભી તકતીઓ પૈકીની કેટલીક તકતીઓ પર કપચીનું મિશ્રણ પાથરવાનું કામ ચાલી રહ્યું છે.

બાહ્ય પૅનલની સ્થાપનાનું કામ પણ ચાલુ છે અને એવું આયોજન કરવામાં આવેલું છે કે તે આગામી ફૉલની ઋતુ સુધીમાં પૂર્ણ થઇ જશે. પ્રગતિ કરવા માટેનું આ એક ઉલ્લાસિત પગલું છે કારણ કે આ પૅનલની ડિઝાઈનથી ઈમારત ઘર હોય તેવી વધુ લાગશે.

આ ઘરની હેરત પમાડે તેવી સાધેલી પ્રગતિ, મોટા ભાગે, Ontario સરકારનાં Accelerated Build Pilot Programને કારણે છે. પ્રાંતીય સરકાર, PCL Construction, અને Infrastructure Ontarioની ભાગીદારીથી, નવું લાંબાગાળાની સંભાળનું ઘર એક પરંપરાગત નિર્માણકામ કરતાં ઝડપી ગતિએ પૂર્ણ થશે, જેનો જશ સંપૂર્ણપણે એકીકૃત પ્રણાલીથી ઈમારતનાં અનેક પૂર્વનિર્મિત ઘટકોથી કરવામાં આવેલ નિર્માણ કરવા માટેનો અભિગમ, અનુસૂચિ, તકનિકી નવીનતાઓ, ઝડપી ઉપલબ્ધિ, તેમજ હૉસ્પિટલની જમીનનો ઉપયોગ કરવાના સમાવેશને જાય છે. એક વાર 2022માં પૂર્ણ થઈ જાય એટલે, ઘર લાંબાગાળાની સંભાળનાં બેડ્ઝને Durham Regionમાં લાવશે તેમજ ઉંમરમાં મોટા હોય તેવા લોકોને એવું આધુનિક, અત્યાધુનિક ગુણવત્તાસભરને લાભદાયી સ્થાન પૂરું પાડશે કે જેને ઘર તરીકે ઓળખી શકાય.



*26મી સપ્ટેમ્બર 2021 ના દિવસે ઘરનાં છાપરા પર એક નજર*

## “ટૉપિંગ ઑફ”ના બનાવનો વિશિષ્ટ પ્રસંગ

27મી ઑગસ્ટના દિવસે, Lakeridge Healthએ લાંબાગાળાની સંભાળનાં ઘરના છઠ્ઠા અને છેલ્લા માળની પૂર્ણતાની ઊજવણી કરવા માટે “ટૉપિંગ ઑફ” સમારંભનું આયોજન કર્યું હતું. “ટૉપિંગ ઑફ”નો અત્યંત ઉત્સાહપૂર્વક ભવ્યાતિભવ્ય હર્ષોલ્લાસથી ઉજવાતો સમારંભ એ સૂચિત કરે છે કે ઈમારતોની સૌથી ઉચ્ચતમ શિખર સુધી નિર્માણકામ પહોંચી ચૂક્યું છે.

આ પ્રાપ્તિની ઊજવણી કરવા માટે Hon. Rod Phillips, Minister of Long-Term Care and MPP for Ajax; Hon. Peter Bethlenfalvy, Minister of Finance and MPP for Pickering-Uxbridge; and Lorne Coe, MPP for Whitbyનો ખૂબ ખૂબ આભાર કે જેમણે Lakeridge Healthમાંથી આગેવાનોને જોડાવવા માટે પ્રોત્સાહિત કર્યા કે જેમાં Board Chair Sharon Cochran, Infrastructure Ontario, અને PCL Constructionનો સમાવેશ થાય છે. આ ઘટના Lakeridge Health માટે, તેનાં ભાગીદારો માટે, ટુકડીનાં સભ્યો માટે તેમજ સમગ્ર Durham ક્ષેત્ર માટે મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે કારણ કે તે એવું સૂચવે છે કે Ontario ચિત્તાકર્ષકને રોનકદાર ઢબે પ્રાંતમાં ખૂબ જ જરૂરી એવા 30,000 નવા લાંબાગાળાની સંભાળના બેડ્ઝ તેમજ Durhamમાં વરિષ્ઠો માટે 320 નવા બેડ્ઝ પૂરા પાડવાનાં આરે છે.



*ઘર માટે જેમણે ફાળો આપ્યો છે તેવા અગણિત બાંધકામના કામદારોના સંદર્ભે વિધિ દ્વારા ઊજવણી કરવા માટે મંત્રી Phillips સખત રક્ષણાત્મક હેલ્મેટમાં સહી કરતા નજરે પડે છે. Lakeridge Health’s President અને CEO Cynthia Davis આ દૃશ્યને જોઈ રહ્યાં છે.*



“ટૉપિંગ ઑફ”ના સમારંભમાં *Ajax Pickering Hospital* સ્થિત લાંબાગાળાની સંભાળનાં ઘરની સામે ડાબેથી જમણે: *Todd Craigen, President, Eastern Canada, PCL Constructors Canada Inc.; Sharon Cochran, Chair, Board of Trustees, Lakeridge Health; Lorne Coe, MPP, Whitby; Peter Bethlenfalvy, Minister of Finance; Rod Phillips, Minister of Long-Term Care;* અને *Cynthia Davis, President and CEO, Lakeridge Health*

## સમાચારમાં નવું લાંબાગાળાની સંભાળનું ઘર ચમક્યું

Daily Construction Newsએ “ટૉપિંગ ઑફ”ની ઘટનાનાં અહેવાલને *Topping off ceremony held at Ajax Pickering Hospital* મથાળા સાથે વિશેષપણે ચમકાવ્યું.

લાંબાગાળાની સંભાળનાં ઘરની ઝડપી પ્રગતિને *Health 180 with Carion Fenn*નાં તાજેતરની તબક્કવાર પ્રાસંગિક કથામાં પણ પ્રદર્શિત કરવામાં આવી હતી. Hon. Rod Phillips, Minister of Long-Term Care and MPP for Ajax; Cynthia Davis, President and CEO of Lakeridge Health; and Mark Murphy, Senior Director of Capital Planning and Development, Lakeridge Health તમામે તબક્કવાર પ્રાસંગિક કથામાં ભાગ લીધો હતો.

### આ ફૉલની ઋતુમાં આયોજિત કાર્ય

આ ફૉલની ઋતુમાં એવું આયોજન કરવામાં આવ્યું છે કે, ઘરની કાયમી વીજશક્તિને ઊર્જાયુક્ત બનાવવામાં આવશે, ઘરની ફરસંબંધી બેસાડવી શરૂ કરશે, તેમજ આંતરિક દિવાલને પેઈન્ટ અને વાર્નિશ થરથી સાફ કરવામાં આવશે. સાઉથ ક્રેનનો ઉપયોગ ઑક્ટોબર માસની આસપાસ સુધી કરવામાં આવ્યા બાદ તેને સ્થળ પરથી દૂર કરવામાં આવશે.

જેમ-જેમ આંતરિક કાર્યની પ્રગતિ ચાલતી રહેશે, તેમ-તેમ Lakeridge Healthની ટુકડી જે રીતે ઘરનો અંદરનો ભાગ નિશ્ચિત અથવા મૂર્ત સ્વરૂપ પકડતું જશે કે તેવું તરત જ સમુદાયને છેલ્લામાં છેલ્લી માહિતીથી અવગત કરવાનું ચાલુ રાખશે.

## લાંબાગાળાની સંભાળની તાજેતરની જાણકારીઓ (મેળવવા) માટે અમારી નિવાસીઓની ઈમેઈલ સૂચિમાં જોડાવો

શું તમે તમારા ઈમેઈલ ઈનબૉક્સમાં  સીધેસીધી તાજેતરની જાણકારીઓ પ્રાપ્ત કરવા માગો છો? તમારું નામ અને ઈમેઈલ ઍડ્રેસ **AjaxLTC@lh.ca** પર ઈમેઈલ કરવા દ્વારા અમારી ઈમેઈલ સૂચિમાં જોડાવ.

તમે **lakeridgehealth.on.ca** સ્થિત અમારી વેબસાઈટની મુલાકાત લઈને પણ નવીનતમ જાણકારી મેળવી શકો છો. જો તમારે કોઈ પ્રશ્નો અથવા ચિંતાઓ હોય, તો કૃપા કરીને **905-576-8711** એક્સટેન્શન **34167** પર કૉલ કરી શકો છો અથવા **AjaxLTC@lh.ca** પર ઈમેઈલ કરી શકો છો.

તમે અમને Twitter અને Facebook પર પણ શોધીને ફૉલો કરી શકો છો!